દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શનિવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૫

# સિંધુ જળ સંધિ સ્થગિત કરવાથી પાકિસ્તાનને સબક નહીં મળે, વિશાળ પાણીના સંગ્રહ માટે ભારતે પણ અનેક આયોજનો કરવા પડશે

પહેલગામમાં આતંકી હુમલો કરીને ભારતના 27 પ્રવાસીઓની હત્યા કરવાને કારણે ભારતે તાકીદના ધોરણે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી છે. આ સિંધુ જળ સંધિ ભારત કરતાં વધુ પાકિસ્તાનના લાભમાં હતી. 19મી સપ્ટેમ્બર, 1960ના રોજ આ સંધિ કરવામાં આવી હતી. ભારતની નીચેના પ્રદેશમાં પાકિસ્તાન દેશ આવ્યો છે. આ સંધિ પ્રમાણે આ નદીઓમાંથી 70 ટકા પાણી પાકિસ્તાનને આપવામાં આવે છે. જ્યારે 30 ટકા પાણી ભારતને મળે છે. આ સંધિ પ્રમાણે ભારતે પાણી છોડવાનું રહે છે અને પાકિસ્તાનમાં આ પાણી માટે વિવિધ નદીઓ અને નહેરોનું એક વિશાળ નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત તો કરી દીધી પરંતુ જો પાકિસ્તાનને ખરેખર સબક શીખવવો હોય તો માત્ર સંધિ સ્થગિત કરવાથી નહીં ચાલે. ભારતે તબક્કાવાર વિવિધ પગલાઓ લેવા પડશે અને તોજ પાકિસ્તાનને અપાતું પાણી બંધ કરી શકાશે. સિંધુ નદી પ્રણાલીમાં ત્રણ પશ્ચિમી નદીઓ - સિંધુ, ઝેલમ અને ચિનાબ - અને ત્રણ પૂર્વીય નદીઓ - સતલજ, બિયાસ અને રાવીનો સમાવેશ થાય છે.

સંધિની જોગવાઈઓ પ્રમાણે અનુચ્છેદ I મુજબ, સિંધુ નદી પ્રણાલીનો કોઈપણ નદી/ઉપનદી અને તેનો કેચમેન્ટ વિસ્તાર જે અન્ય પાંચ નદીઓનો ભાગ નથી, તે સિંધુ નદીનો ભાગ છે જેમાં તેની ખાડીઓ, ડેલ્ટા ચેનલો, જોડતા તળાવો વગેરેનો સમાવેશ થાય છે. આ સંધિ અનુસાર, પૂર્વીય નદીઓને પાકિસ્તાનમાં કલમ II (1) મુજબ સ્પષ્ટ રીતે મંજૂર પાણીના ઉપયોગ પછી ભારત દ્વારા વિશિષ્ટ પાણીના ઉપયોગ માટે ફાળવવામાં આવે છે.

તેવી જ રીતે, ભારતમાં મંજૂર પાણીના ઉપયોગ પછી પાકિસ્તાનને પશ્ચિમી નદીઓનો વિશિષ્ટ પાણીનો ઉપયોગ છે. આ સંધિમાં 10 વર્ષનો સંક્રમણ સમયગાળો માન્ય રાખવામાં આવ્યો હતો જેમાં ભારત પાકિસ્તાનની પૂર્વીય નદીઓમાંથી પાકિસ્તાનની નહેરોને પાણી પૂરું પાડવા માટે બંધાયેલું હતું. જ્યાં સુધી પાકિસ્તાન પશ્ચિમી નદીઓના પાણીનો ઉપયોગ કરવા માટે નહેર વ્યવસ્થા બનાવી ન શકે. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પણ પાકિસ્તાનને આવો પાણી પુરવઠો અટકાવવામાં આવ્યો ન હતો. સંધિની કલમ ૫.૧ મુજબ, ભારત પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પશ્ચિમી નદીઓમાંથી સિંચાઈ માટે નવા હેડ-વર્ક્સ અને નહેર વ્યવસ્થાના નિર્માણના ખર્ચમાં બાવન મિલિયન સાંઈઠ હજાર યુકે પાઉન્ડનું નિશ્ચિત યોગદાન આપવા સંમત થયું હતું. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ છતાં ભારતે કુલ રકમ દસ સમાન વાર્ષિક હપ્તામાં ચૂકવી હતી. બંને દેશો સંધિમાં ડેટાનું આદાનપ્રદાન કરવા અને સિંધુ નદી પ્રણાલીમાંથી પાણીના શ્રેષ્ઠ ઉપયોગમાં સહયોગ કરવા સંમત થયા હતા. આ હેતુ માટે કાયમી સિંધુ કમિશન પણ બનાવવામાં આવ્યું છે. જેમાં દરેક દેશ દ્વારા નિયુક્ત એક કમિશનર હોય છે. તે સંધિના અમલીકરણ, અર્થઘટન અથવા ભંગ અંગે ઉદ્ભવતા કોઈપણ ભવિષ્યના મતભેદો અને વિવાદોનો નિર્ણય લે છે. આ કમિશન ત્રણ યુદ્ધોમાંથી પસાર થયું છે. સંધિની કલમ VIII (8) મુજબ, બંને કમિશનરો એકસાથે બંને દેશોને તેના કાર્યો પર વાર્ષિક અહેવાલ સુપરત કરશે. પરંતુ આ વાર્ષિક અહેવાલો પાકિસ્તાન દ્વારા પણ ક્યારેય જાહેર કરવામાં આવતા નથી. સંધિ મુજબ કોઈપણ પક્ષે બીજા પક્ષને કોઈપણ એન્જિનિયરિંગ કાર્યો બનાવવાની યોજનાઓની જાણ કરવાની રહે છે.

હાલમાં પણ આ સંધિ હેઠળનો તુલબુલ પ્રોજેક્ટ દાયકાઓથી મંજૂરી માટે બાકી છે. સંધિમાં વિવાદ અથવા મતભેદના કિસ્સાઓમાં, મધ્યસ્થી માટે અનુક્રમે કોર્ટ ઓફ આર્બિટ્રેશન અથવા તટસ્થ ટેકનિકલ નિષ્ણાતને બોલાવવામાં આવે છે. બગલીહાર પાવર પ્લાન્ટને મંજૂરી આપવા માટે ટેકનિકલ નિષ્ણાતના ચુકાદાનું પાલન કરવામાં આવ્યું હતું અને કિશનગંગા હાઇડ્રોઇલેક્ટ્રિક પ્લાન્ટને મંજૂરી આપવા માટે આર્બિટ્રેશનના ચુકાદાનું પાલન કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન 850 મેગાવોટના રેટલ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્લાન્ટ અંગેની સંધિનું ઉલ્લંઘન કરવાનો દાવો કરી રહ્યું છે અને આર્બિટ્રેશનની સ્થાપના માટે કહ્યું છે જ્યારે ભારતે તટસ્થ નિષ્ણાતની નિમણૂક માટે કહ્યું છે. ભારતે હજુ સુધી પાકિસ્તાન દ્વારા સંધિની કલમ II ના ઉલ્લંઘનનો કોઈ મુદ્દો ઉઠાવ્યો નથી, જોકે, ભારતે સંધિ સ્થગિત કર્યા બાદ પણ પાકિસ્તાનને મળતું પાણી રોકવા માટે મોટી મજલ કાપવી પડશે. કારણ કે ભારત પાસે એવું મોટું ઇન્ફ્રાસ્ટ્રક્ચર નથી કે જેનાથી સિંધુ, ઝેલમ અને ચિનાબનું પાણી અટકાવી શકાય.

આપણે વર્લ્ડ બેંકને પણ સમજાવવી પડશે. કારણ કે વર્લ્ડ બેંકએ આ સંધિના અમલની ખાતરી આપી છે. હકીકત એ છે કે લગભગ 133 મિલિયન એકર પાણી ભારતને દર વર્ષે પશ્ચિમી નદીઓમાંથી મળે છે. હાલમાં ભારત કોઈપણ રીતે આ પાણીને રોકવાની સ્થિતિમાં નથી. ભારતે આ પાણી રોકવા માટે સક્રિય થવું પડશે. આ માટે નહેરોનું નેટવર્ક બનાવવું પડશે. નવા નવા ડેમ બનાવવા પડશે. જોકે એક વાત ચોક્કસ છે કે જો ભારત આ પાણી રોકવામાં સફળ થશે તો પાકિસ્તાનની હાલત ખરાબ થઈ જશે. કારણ કે પાકિસ્તાનની 90 ટકા ખેત ઉત્પાદન સિંધુ સંધિ સાથે જોડાયેલી છે.

## કપડાં ગંદાં છે

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક યુવાન દંપતી અજય અને આભા લગ્ન બાદ નવા શહેરમાં રહેવા ગયાં. હજી પોતાનું ઘર લેવાનું બાકી હતું તેથી થોડું ઓછું ગમ્યું પણ ભાડાનું ઘર લીધું અને જીવન શરૂ કર્યું. ઘર ગોઠવીને બંને જણ થાક્યાં હતાં તેથી બીજે દિવસે સવારે ઊઠવામાં થોડું મોડું થયું. આભાએ ગરમ બટાટા પૌંઆ અને ચા બનાવ્યાં અને બંને જણ નાસ્તો કરવા બેઠાં. નાસ્તો કરતાં કરતાં આભાની નજર બારીની બહાર ગઈ. બાજુના ફ્લેટનાં કપડાં ધોવાઈને સુકાતાં હતાં. કપડાં મેલાં દેખાતાં હતાં. સ્ત્રીસહજ સ્વભાવ પ્રમાણે આભાએ તુરંત ટીકા કરી કે 'આ બાજુવાળાં બહેનને બરાબર કપડાં ધોતાં નથી આવડતું લાગતું અથવા તો તેમની કામવાળી બાઈ કામ બરાબર નથી કરતી અથવા તો સારો સાબુ વાપરવાની જરૂર છે.'આભાની આ નકામી ટીકાને અવગણતાં અજય કંઈ ન બોલ્યો.



મગ

થોડા દિવસ પસાર થયા. જ્યારે જ્યારે આભાની નજર બારીની બહાર જાય અને તે મેલાં કપડાં સુકાતાં જુએ એટલે તુરંત જ આવી કોઈ ટીકા કરે.આ બહેનને કપડાં ધોતાં શીખવાડવાની જરૂર છે કે પછી મારી બાઈ આવાં કપડાં ધુએ તો હું ન જ ચલાવું વગેરે વગેરે.એક રવિવારે આભા થોડી મોડી ઊઠી. અજય વહેલો ઊઠી ગયો હતો. તેણે આભાના હાથમાં કોફીનો આપ્યો.કોફી પીતાં પીતાં આભાએ બારીની બહાર જોયું અને કંઇક બોલવા જતાં અટકી ગઈ કારણ આજે બાજુના ફ્લેટના સુકાતાં કપડાં એકદમ સાફ હતાં.આભા ચૂપ ન રહી શકી. બોલી, 'ચાલો ,આ બાજુવાળાં બહેને સાબુ અથવા બાઈ બદલી લાગે છે અથવા કોઈએ તેમને કપડાં ધોતાં બરાબર શીખવ્યું લાગે છે.'

અજય પ્રેમથી બોલ્યો, "ડિયર ,મેં જ શીખવ્યું છે."આભા ને કંઈ સમજાયું નહિ.અજયે કહ્યું, "હું સવારે વહેલો ઊઠી ગયો હતો.કોફી પીતા બારી પર નજર ગઈ. કાચ પર બહુ ધૂળ હતી. ઘર ગોઠવવામાં આપણે બારી સાફ કરવાનું ભૂલી ગયાં હતાં.મેં આજે બારીના કાચ સાફ કરી ચમકાવ્યા છે.કપડાં નહિ, આપણી બારીના કાચ મેલા હતા."

આવું જ કંઇક આપણા જીવનનું છે. આપણે કોઈનામાં શું જોઈએ છીએ તે આપણા મનની બારીના કાચ કેટલા ચોખ્ખા અને સાફ છે તેની પર આધાર રાખે છે.કોઈની ટીકા કરતાં પહેલાં આપણે પરિસ્થિતિ, તેના સંજોગ અને ખાસ કરીને આપણી મન:સ્થિતિ ચકાસવી જરૂરી છે અને હંમેશા સાફ મન સાથે બીજાની સારપ અને ગુણ જોવાના પ્રયત્નો કરવા જોઈએ.

# ઉદ્ધવ અને રાજ ભેળાં થશે? તો ફાયદો કોને, નુકસાન કોનું?

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

**આવું બન્યું તો એકનાથ શિંદેનો રાજકીય કારકિર્દી પર પ્રશ્નાર્થ સર્જાય. એમના પક્ષમાં ભંગાણ પડી શકે અને શક્ય છે કે, અજીત પવાર પણ શરદ પવાર સાથે ફરી હાથ મિલાવી લે. પણ પણ ...ઉદ્ધવ અને રાજ વચ્ચે મતભેદો ઘણા બધા છે**

મહારાષ્ટ્રમાં રાજકારણ ક્યારે કરવટ બદલે એ કોઈ કહી ના શકે. દેશની આર્થિક રાજધાનીમાં રાજ કોનું રહેશે અને કોણ કોની સાથે જશે એ કહેવું પણ અસંભવ છે. અત્યારે તો ભાજપ - એનડીએની સત્તા છે અને એ કઈ રીતે શક્ય બન્યું હતું એ આપણે જાણીએ છીએ. છેલ્લી ચૂંટણી અગાઉ શું બનેલું અને એ પહેલાં શું બનેલું એ ઘટનાક્રમ કહે છે કે, મહારાષ્ટ્રમાં ગમે ત્યારે, ગમે તે થઈ શકે.

મહારાષ્ટ્ર મોટું રાજ્ય છે. અર્થકારણ સંદર્ભે મહત્ત્વનું છે. પણ અહીં શિવસેનાએ ભાજપ સાથે છેડો ફાડ્યો ત્યારથી એટલું બધું બન્યું છે કે, અનુપમ ખેરના શોની જેમ કુછ ભી હો શકતા હૈ..એવું કહેવા બધા મજબૂર છે.

ભાજપ અને શિવસેનાની જોડી મહારાષ્ટ્રના રાજકારણની સમતુલા જાળવી રાખતી હતી. પહેલાં બાલાસાહેબ ઠાકરે અને પછી ઉદ્ધવ ઠાકરે. પણ રાજ ઠાકરે અલગ થયા અને ભાજપ સાથે વાંધો પડતાં ઉદ્ધવ અલગ થયા અને એમાં એનસીપીના શરદ પવાર બાજી મારી ગયા. એ ઉદ્ધવને પોતાની સાથે લાવ્યા અને કોંગ્રેસ સાથે એમવીએ મોરચો બન્યો. આ મોરચો સત્તા મેળવવામાં તો સફળ થયો પણ સત્તા જાળવવામાં નિષ્ફળ રહ્યો અને શિવસેનાનાં ઊભાં બે ફાડિયાં થયા. એકનાથ શિંદે અલગ થયા અને ભાજપ સાથે ગયો અને સરકાર એનડીએની બની. ચૂંટણી થઈ અને ભાજપ વધુ બેઠકો સાથે જીત્યો અને દૃશ્ય બદલાયું પણ એ પહેલાં એનસીપીમાં ભંગાણ પડ્યું, અજીત પવાર ભાજપ સાથે ગયા અને આજે નાયબ મુખ્યમંત્રી છે. અગાઉ આવું નાટક થયું હતું.

હવે મહારાષ્ટ્રના રાજકારણમાં એક નવો વળાંક આવવાની શક્યતા જોવાઈ રહી છે અને એ છે ઉદ્ધવ અને રાજ ઠાકરે સાથે આવી શકે છે. પહેલો પ્રશ્ન તો એ છે કે, શું ઉદ્ધવ અને રાજ ઠાકરે સાથે આવી શકે? રાજ ઠાકરે, જે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના પ્રમુખ છે, તેમણે એક પોડકાસ્ટમાં ઉદ્ધવ ઠાકરે સાથે ફરી એક થવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના હિત માટે રાજકીય મતભેદો બાજુએ મૂકીને સાથે આવી શકાય છે. અને જવાબ શું આવ્યો? ઉદ્ધવ ઠાકરે, જે શિવસેના (UBT)ના નેતા છે, તેમણે જણાવ્યું કે તેમની તરફથી ક્યારેય ઝઘડો નહોતો, પરંતુ તેમણે એક શરત રાખી કે રાજ ઠાકરેએ એકનાથ શિંદે અને ભાજપ સાથેના સંબંધો તોડવા પડશે.

તો પછી પ્રશ્ન ક્યાં છે? બંને નેતાઓ વચ્ચે ઐતિહાસિક વૈચારિક અને વ્યક્તિગત મતભેદો રહ્યા છે. રાજ ઠાકરેની MNS અને ઉદ્ધવની શિવસેના (UBT)ના કાર્યકરો વચ્ચે પણ તણાવ રહ્યો છે. વળી, રાજ ઠાકરેની ભાજપ સાથેની નિકટતા ઉદ્ધવ માટે સમસ્યા બની શકે છે, કારણ કે શિવસેના (UBT) હાલ I.N.D.I.A. ગઠબંધનનો ભાગ છે. જે ભાજપનો વિરોધ કરે છે.

માની લો કે બંને ભાઈઓ સાથે થયા તો મહારાષ્ટ્રના રાજકારણમાં શું બદલાવ આવી શકે? સૌથી મહત્ત્વની વાત એ બને કે મરાઠી મતોનું એકીકરણ શક્ય બને. શિવસેના (UBT) અને MNS બંને મરાઠી માનુષનાં હિતોની વાત કરે છે. તેમનું ગઠબંધન મરાઠી મતોને એક કરી શકે, જે ખાસ કરીને મુંબઈ, થાણે, પુણે અને નાસિક જેવા શહેરી વિસ્તારોમાં અસરકારક રહેશે. ઉદ્ધવની શિવસેના (UBT) હાલ મહા વિકાસ આઘાડી (MVA) ગઠબંધનનો ભાગ છે, જેમાં કોંગ્રેસ અને NCP (શરદ પવાર) સામેલ છે. રાજ ઠાકરેનું સમર્થન MVAને વધુ મજબૂત બનાવી શકે, જે ભાજપ-શિંદે જૂથની મહાયુતિ સામે મજબૂત વિકલ્પ બની શકે.

અને સૌથી મોટી વાત એ બને કે, એકનાથ શિંદેની શિવસેના, જે હાલ ભાજપ સાથે સરકાર ચલાવે છે, તેના મરાઠી મતોના આધાર પર આંચ આવી શકે. ઉદ્ધવ-રાજનું ગઠબંધન શિંદેની શિવસેનાને નબળી પાડી શકે.

બીજી બાજુ, ઉદ્ધવને રાજ ઠાકરેના સમર્થનથી મરાઠી મતોનો મોટો હિસ્સો મળી શકે, જે શિંદે જૂથ સામે તેમની સ્થિતિ મજબૂત કરશે. વળી, MVA ગઠબંધનની તાકાત વધશે, જે ઉદ્ધવની રાજકીય સ્થિતિને વધુ સુદૃઢ કરશે.

રાજ ઠાકરેની MNS હાલ રાજકીય રીતે નબળી સ્થિતિમાં છે અને તેમની પાર્ટીએ તાજેતરની ચૂંટણીઓમાં નોંધપાત્ર સફળતા મેળવી નથી. ઉદ્ધવ સાથે ગઠબંધનથી તેમને રાજકીય પુનરાગમનની તક મળી શકે અને MNSનું રાજકીય મહત્ત્વ વધી શકે અને એ રીતે એમવીએ એનડીએને ટક્કર આપી શકે.

આવું બન્યું તો એકનાથ શિંદેનો રાજકીય કારકિર્દી પર પ્રશ્નાર્થ સર્જાય. એમના પક્ષમાં ભંગાણ પડી શકે અને શક્ય છે કે, અજીત પવાર પણ શરદ પવાર સાથે ફરી હાથ મિલાવી લે. પણ પણ ...ઉદ્ધવ અને રાજ વચ્ચે મતભેદો ઘણા બધા છે. વળી રાજ ઠાકરે એમનું રાજકીય અસ્તિત્વ ટકાવવામાં ઝાંવા મારે છે. બીજું કે, એમની હિંદુ વિચારસરણી એમવીએના પક્ષો સ્વીકારે કે કેમ? ખાસ કરીને કોંગ્રેસને વાંધો પડી શકે. પણ સત્તા માટે ગમે તે પક્ષ અને નેતા ગમે તે કરી શકે એવું આજનું રાજકારણ છે. નજીકના દિવસોમાં કોઈ ઘટના બની શકે. કારણ કે, બીએમસી ચૂંટણી નજીક છે. એ આવે એ પહેલાં જ જે થવાનું છે એ થવાનું છે.

ચન્દ્રાબાબુ નાયડુ એનડીએના સંયોજક બનશે?

ગઈ લોકસભામાં ભાજપની બેઠકો ઘટીને ૨૪૦ થઈ ગઈ અને ચન્દ્રાબાબુ નાયડુ અને નીતીશના સહારે સરકાર બની એ પછી બંને રાજ્યો અને નેતાઓને રાજી રાખવા કેન્દ્ર સરકારે ઘણી બધી આર્થિક મદદ કરી છે અને હવે નાયડુએ એમના રાજ્યની ત્રણ ખાલી પડેલી રાજ્યસભાની બેઠકો પૈકી એક બેઠક ભાજપને ઓફર કરી છે અને એ બેઠક પરથી તામિલનાડુના નારાજ ભાજપી પ્રમુખને ત્યાંથી ચૂંટી મોકલવા ઓફર કરી છે એવા અહેવાલોના પગલે અટકળો શરૂ થઈ છે કે, શું નાયડુ ફરી એનડીએના સંયોજક બનશે?

ચંદ્રાબાબુ નાયડુ અગાઉ 2013થી 2018 સુધી NDAના સંયોજક રહી ચૂક્યા છે. અને એમણે ભૂતકાળમાં એનડીએનો સાથ છોડ્યો એ પછી આ સંયોજકપદ ખાલી પડેલું છે અને એટલે આ અટકળ શરૂ થઈ છે. બીજી બાજુ , ફેબ્રુઆરી 2025માં એક એક્સ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે પૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવગૌડાએ રાજ્યસભામાં કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાયડુને NDAના ચેરમેન બનાવવાની વાત નકારી દીધી છે. નાયડુ 1996-2004 દરમિયાન યુનાઈટેડ ફ્રન્ટ અને NDAમાં મહત્ત્વની ભૂમિકા ભજવી ચૂક્યા છે, જેમાં 1999માં અટલબિહારી વાજપેયીની સરકારને ટેકો આપવો સામેલ છે. હાલની માહિતીને આધારે, નાયડુના NDA સંયોજક બનવાની શક્યતા તેમના રાજકીય વજન અને TDPની ગઠબંધનમાં મહત્ત્વની ભૂમિકાને કારણે નકારી શકાય નહીં. પરંતુ, મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ આ પદ અંગે કેવો અભિગમ અપનાવે છે તેના પર નિર્ભર કરશે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અને રાજ્યોના પ્રમુખની પસંદગી બાકી છે અને એકાદ અઠવાડિયામાં આ મુદ્દે નિર્ણય લેવાય એની સાથે સંયોજકનો નિર્ણય પણ લેવાઈ શકે છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## અમદાવાદ AICC અધિવેશન

# આ સત્રે આશાનું કિરણ છોડવા કરતાં મૂંઝવણ અને નિરાશામાં વધારો કર્યો

**રાજધાનીના અંતરંગ**

**અનિલ આનંદ**

**આગામી વિધાનસભા ચૂંટણીઓ ઝડપથી નજીક આવી રહી છે ત્યારે પાર્ટીમાં ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ હોય તેવું લાગે છે**

કોંગ્રેસ તેમના સંગઠનાત્મક નેટવર્કની દૃષ્ટિએ તેના બંધારણમાં ફેરફાર કરવા, તેના સર્વોચ્ચ સંસ્થાઓ - કોંગ્રેસ કાર્યકારી સમિતિ, AICC અને તેના પરંપરાગત સત્રના કાર્યને લગતી દાયકાઓ જૂની પ્રક્રિયાઓમાં સુધારો કરવામાં શા માટે અનિચ્છા રાખે છે? શું કોંગ્રેસના નેતાઓ પરિવર્તનથી ડરે છે કે કોઈ અદૃશ્ય શક્તિઓના તીવ્ર દબાણથી તેમને સુરક્ષિત રહેવા અને યથાસ્થિતિવાદી બનવાની ફરજ પડી છે? અથવા, તેમની પાસે ફક્ત વિચારોનો અભાવ છે. વર્તમાન કોંગ્રેસ શાસન (સોનિયા ગાંધી-મલ્લિકાર્જુન ખડગે-રાહુલ ગાંધી શક્તિશાળી ત્રિપુટી) સામે ઊભા થયેલા આ પ્રશ્નો નવા નથી, પરંતુ તાજેતરમાં યોજાયેલા અમદાવાદ AICC સત્રે ફરી આ સવાલો પ્રાસંગિક બનાવી દીધા છે અને જવાબો માંગી રહ્યું છે. આ સત્રમાં ભાગ લેનારા કે ન લેનારા બધા (પક્ષના નેતાઓ, રેન્ક અને ફાઈલ, અને જનતા)ને નીચલા સ્તર સુધી પહોંચાડી દીધા. કારણ કે તેઓ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના શાસક નેટવર્કની શક્તિ સામે લડવા માટે વૈકલ્પિક દૃષ્ટિકોણ રજૂ કરવામાં નિષ્ફળ ગયા. અને સાથે કોંગ્રેસીઓના મનને પ્રજ્વલિત કરવા માટે કે જેથી તેઓ ભવિષ્યની રાજકીય લડાઈઓ - ચૂંટણીઓ કે અન્યથા - માટે તૈયાર થઈ શકે. વધુ મહત્ત્વનું એ છે કે લોકોની કલ્પનાને પકડવી.

AICC સત્રમાં નિરાશાજનક મામલો બની ગયો, જેમાં કોઈ સ્પષ્ટ દિશા ઊભરી નહીં કે ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી રાજકીય-વૈચારિક લડાઈ લડવા માટે મુખ્ય વિપક્ષી પક્ષ તરીકે પોતાનું સ્થાન મજબૂત કરવા અને 2029ની લોકસભા ચૂંટણીમાં ભાજપને પડકારવા માટે તૈયાર થયેલા નવા વિપક્ષી ઇન્ડિયા ગઠબંધનના પડકારરહિત નેતા બનવાનો પ્રસ્તાવ કેવી રીતે મૂકે છે. હકીકતમાં, આ સત્રે આશાનું કિરણ છોડવા કરતાં મૂંઝવણ અને નિરાશામાં વધારો કર્યો છે. અમદાવાદ AICC સત્ર છેલ્લા કેટલાક દાયકાઓમાં યોજાયેલા અગાઉનાં સત્રોથી અલગ નહોતું. એવા સમયે જ્યારે કોંગ્રેસ પોતાના અસ્તિત્વના સૌથી મુશ્કેલ યુદ્ધનો સામનો કરી રહી છે, જેમાં શાસક સરકાર દ્વારા રાજકીય અને સરકારી સ્તરે અને સાંપ્રદાયિક અને ધ્રુવીકરણની રાજનીતિ બંને સ્તરે શરૂ કરાયેલા સર્વાંગી આક્રમણનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે આ સત્ર પક્ષના વિચારસરણી અથવા વ્યૂહરચનામાં ક્રાંતિકારી પરિવર્તન થવાની આશા હતી, પણ એવું કંઈ થયું નહીં. કોંગ્રેસ ખાસ કરીને રાહુલ ગાંધી, જેમની નોંધપાત્ર ભારત જોડો યાત્રા અને ભારત જોડો ન્યાય યાત્રાએ નવી આશા જગાવી હતી, તેઓ હવે ક્યાં જશે?

ચોક્કસપણે, અમદાવાદ AICC સત્ર એ આગામી સમયમાં પક્ષ શું કરવા માંગે છે તેની બ્લુપ્રિન્ટ જાહેર કરવાની એક મૂલ્યવાન તક ગુમાવી છે. મોટા ભાગના વિવાદાસ્પદ પરંતુ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ જેમ કે સંગઠનાત્મક સેટઅપને મજબૂત બનાવવું અને તેનું પુનર્ગઠન કરવું, કાર્યશૈલીમાં ફેરફાર કરવો, બિનકાર્યકર અને નકામાં લોકોને પાર્ટીમાંથી કાઢવાં અને કટ્ટર-રાજકીય હરીફ (ભાજપ વાંચો) સાથે સાંઠગાંઠ કરનારાઓને પાર્ટીમાંથી કાઢવાં, ચર્ચામાંથી ગાયબ થઈ ગયાં. જે લોકો સત્ર પર નજર રાખતાં હતાં અને નવા એજન્ડાનો ખુલાસો થાય તેની રાહ જોતા હતા, તેઓ ખડગે અને ગાંધી દ્વારા તેમનાં ભાષણોમાં આપવામાં આવેલા (આ મુદ્દાઓ પર) સંદર્ભોથી સંતુષ્ટ થવા માટે નિરાશ થયા હતા.

હાજરી આપવા માટે લાંબા અંતરની મુસાફરી કરનારા ઘણા નેતાઓ અને પ્રતિનિધિઓ કાર્યકરોને ઘરે પાછા ફરવાનો સંદેશો લઈને ગયા, કારણ કે ત્યાં કોઈ સંદેશ નહોતો. આવી પરિસ્થિતિઓમાં પાયાના સ્તરે પાછા ફરવું અને લોકોને કોંગ્રેસમાં પાછા આવવા માટે સમજાવવું એ એક મોટી વાત છે. જો કે કોંગ્રેસ પ્રમુખ તરીકે ખડગેએ વય સંબંધિત અને શારીરિક અવરોધો છતાં પ્રશંસનીય કાર્ય કર્યું છે અને સંસદની અંદર અને બહાર મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર લડ્યા વિના કોઈ તક જવા દીધી નથી, ત્યારે ગાંધી માટે પડકાર વધુ કઠિન છે. એ હકીકત છે કે ખડગે ફક્ત એક સંરક્ષક વ્યક્તિ તરીકે કાર્ય કરી રહ્યા છે, પરંતુ પક્ષના દરેક નીતિગત નિર્ણય પર ગાંધીની મહોર લાગી છે. પક્ષ પ્રમુખે તેમના પદ વિશે કોઈને શંકા છોડી નથી અને સમય સમય પર નિખાલસપણે સ્વીકાર્યું છે કે ગાંધી જ વાસ્તવિક પ્રેરક શક્તિ હતા અને એ પણ યોગ્ય છે કારણ કે કોંગ્રેસનું ભવિષ્ય તેમના હાથમાં છે.

ખાસ કરીને AICCના નિરાશાજનક સત્ર પછી અને આગામી વિધાનસભા ચૂંટણીઓ ઝડપથી નજીક આવી રહી છે ત્યારે પાર્ટીમાં ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ હોય તેવું લાગે છે. સામાન્ય રીતે કોઈ પણ ચૂંટણીની શરૂઆતને કોંગ્રેસના રણનીતિકાર દ્વારા પાર્ટી માટે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર નિર્ણયો ટાળવા અથવા મુલતવી રાખવા માટે એક સામાન્ય બહાના તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, જે AICC અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોના સ્તરે દરેકને જોવા મળે છે જ્યાં મૂંઝવણ સર્વોચ્ચ હોય છે, આ યુક્તિ હવે કામ કરશે નહીં. ઘડિયાળ ઝડપથી ટિક ટિક કરી રહી છે અને અનિર્ણાયકતા વધુ ઊંડી થઈ રહી છે, એવી પરિસ્થિતિ જે ઝડપી તપાસની માંગ કરે છે

આ પૃષ્ઠભૂમિ સાથે એ હવે જરૂરી બની ગયું છે કે, ગાંધી ખતરાની ઘંટડી વગાડે. અનિર્ણાયકતાની છબીને શક્ય તેટલી ઝડપથી ઉતારવી પડશે અને યથાસ્થિતિવાદીનો માસ્ક ઉડાડવો પડશે. તેમની પાસે મોદી અને તેમની શક્તિનો સામનો કરવાની હિંમત અને ક્ષમતા છે, જે તેમણે ઘણી વખત બતાવી છે. આ છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ભાજપની પ્રચાર મશીનરી દ્વારા સતત નિશાન બનાવવામાં આવી રહ્યું હોવા છતાં, સત્ય સૌથી મોટું નુકસાન બની રહ્યું છે.એક ચિંતાજનક બાબત એ છે કે, તેઓ આ સમયે એકલા પ્રવાસી રહ્યા છે, જ્યારે તેમની આસપાસ મોટા ભાગે એવાં લોકો છે જે મુખ્યત્વે નબળા, હિંમતહીન અને ફક્ત ગાંધીની કૃપાનો આનંદ માણવા માંગે છે.તેમણે આ મોડેલને તોડવાની અને ખાતરી કરવાની તાત્કાલિક જરૂર છે કે તેમની આસપાસના દરેક વ્યક્તિ AICC મુખ્યાલય સુધી મર્યાદિત રહેવાને બદલે જમીન પર ઊતરવા માટે તૈયાર હોય. AICCમાં ચેરિટીની શરૂઆત આ કાર્ય સંસ્કૃતિમાં સંપૂર્ણ પરિવર્તન સાથે થવી જોઈએ. મોટા ભાગના કિસ્સાઓમાં તે એ લોકો માટે પાર્કિંગ સ્થળ બની ગયું છે જેમને મુખ્ય કાર્યો માટે પદાધિકારીઓ બનાવ્યા છે. એક મોટી સમસ્યા એ છે કે તેઓ મધ્યમ-નીચલા સ્તરના નેતાઓ અને કાર્યકરો સાથે સંપર્ક ગુમાવવાનું વલણ ધરાવે છે અને AICCના એર-કન્ડિશન્ડ ચેમ્બરમાં જ રહેવાનું પસંદ કરે છે. તેમજ, AICC સત્રોનું આયોજન કરવાની સમગ્ર શ્રેણીમાં પણ ધરખમ ફેરફાર થવો જોઈએ. તે ફક્ત ચૂંટણી પંચની આવશ્યકતાઓની પરંપરાગત પરિપૂર્ણતા ન હોવી જોઈએ પરંતુ એક એવી કવાયત હોવી જોઈએ જે ઊંડાણપૂર્વક સંવાદાત્મક અને સર્વગ્રાહી હોવી જોઈએ. યથાસ્થિતિવાદી માનસિકતાને તોડી નાખવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### નિર્દોષોને ગોળી મારતા તારા હાથ ન કાંપ્યા?

આ આતંકીઓના આકા બેઠાં બેઠાં પાકિસ્તાનમાંથી ફરમાન છોડી ભારતમાં આતંક ફેલાવે છે. ભારતમાં જન્મેલો મુસ્સરફ હિન્દુઓ અને સનાતનીઓનો કટ્ટર ભારત વિરોધી નીકળ્યો. મુનિર બે ત્રણ દિવસ પર એની ઝેર ઓકતો હતો. હિન્દુ પર અત્યાચારની ઝડી વરસાવતો હતો. તારા પેટમાં ભારત વિશે આટલું બધું ઝેર?! કરાંચીમાં પણ તારા જેવા જ ભરેલા છે. તને સંતોષ ન થયો? ઓ પાકિસ્તાન તું ખાંડ ન ખાતો. તે પુલવામામાં નિર્દોશ જવાનોને બાળી દીધેલા, ઉરીમાં હુમલો કરાવેલો, 26/11નો પણ માસ્ટર માઈન્ડ તું જ છે. પેલો તહવ્વુર રાણા તો ભારતમાં જ છે. એ પણ રાણા એટલે રજપૂત જ પણ આ આતંકીઓનો આકા બની ભારત પર જૂલ્મ અત્યાચાર કરતો રહ્યો. જો તમારા તો ચીંથરા-ચીંથરા ઊડી જશે. ભારત સાથે જો વેર બાંધશે તો? ભારત પણ ચેતી જા. આ ગદ્દારોને સાથે ન રાખી શકાય. યુદ્ધ, કરીને આ નાપાકને રોળી નાંખ હવે વધારે સહન થતું નથી. તમારું હૃદય પીગળયું નહિ? આ નિર્દોષોના રકતથી?

**સુરત - જયા શાહ**

### શું ભારત ઈઝરાઈલના રસ્તે જઈ શકે છે?

કાશ્મીરના પહેલગામનાં ભયાનક નરસંહાર કરનારા આંતકવાદીઓએ પાકિસ્તાનનાં ઈશારે આવુ અધમ કૃત્ય કર્યું હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. ફરી પાછા કાશ્મીરમાં હુમલા કેમ શરૂ થઈ રહ્યા છે તે તપાસનો વિષય છે કાશ્મીરી નેતા ફારુક અબ્દુલ્લાનું કહેવું છે કે કાશ્મીરીઓ પોતાના હક માટે લડવા આંતકવાદી બને છે ત્યારે સવાલ થાય છે કે કાશ્મીરી પંડિતોને સામૂહિક મોતને ઘાટ ઉતાર્યા તો કાશ્મીરી પંડિતો આંતકવાદી કેમ ન બન્યા? હિન્દુઓની કાશ્મીરમાં કેટલીય સામૂહિક કતલ કરી હતી, સ્ત્રીઓને લાજ લુટવામાં કોઈ કસર બાકી રાખી ન હતી, કાશ્મીરી ધરતી પરથી હિન્દુઓને નામશેષ કરવા આવો કાળોકેર વરતાવવામાં આવ્યો હતો. વારંવાર આવા આંતકી હુમલાઓ થતા રહે છે જે ભારતની દુખતી નસ દબાવવા બરાબર છે અને તેને માટે જવાબદાર પાકિસ્તાન જ છે તો પછી ભારતે પણ હવે ઈઝરાયેલની જેમ પાકિસ્તાન પર હુમલો કરી દેવો જોઈએ યુદ્ધથી કોઈનું ભલું થતું નથી પરંતુ જો કાયમી શાંતિ થતી હોય તો થોડીઘણી ખુવારી વેઠવા પણ તૈયાર રહેવું પડે. ભારતે હવે કાશ્મીરમાં કાયમી શાંતિ સ્થાપવાવ ઈઝરાઈલ મોડેલ અપનાવવું પડે તેવી હાલનાં સમયની માંગ છે. શું ભારત ઈઝરાઈલના રસ્તે જઈ શકે છે?

**સુરત - વિજય તુઈવાલા**

### ગદ્દારોનો હિસાબ કોણ કરશે?

પહેલગામનાં આતંકી હુમલાએ ફરી એક વાર સાબિત કર્યું કે, સ્થાનિક ગદ્દારો વગર આતંકવાદી હુમલો શક્ય નથી! ગદ્દારો હુમલાખોર દેશના નથી પણ આપણા પોતાના જ દેશના છે! જે આપણી ધરતી પર ઉછરી તેના પર લોહી વહેવડાવતા શરમ નથી અનુભવતા! આશ્ચર્યની વાત તો એ છે કે, જે દેશ માટે આ લોકો ગદ્દારી કરે છે એ દેશમાં એ લોકોની કોઈ કિંમત જ નથી! આતંકવાદીઓ બદલાયા કરતા હશે પણ ગદ્દારો મોટે ભાગે એકના એક જ હોય છે! ગદ્દારીના બદલામાં પૈસા મળતા હશે અને નહી પણ આ ગદ્દારો મિથ્યાભિમાનમાં રાચતા હોય છે! આતંકવાદ કાબુમાં લેવો હોય કે, ભાંગફોડિયા પ્રવૃત્તિ રોકવી હોય તો સત્તાધીશોએ આવા ગદ્દારો પર નજર રાખવી પડશે.

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

### 'સુપ્રિમકોર્ટનું આશ્ચર્યજનક વલણ' વિશે વધુ

મારા તા. ૨૩/૦૪ ના ચર્ચાપત્રના અનુસંધાને મૂળ ચર્ચાપત્રીશ્રી એ ૨૪/૦૪ ના રોજ પ્રત્યુતર પાઠવ્યો છે જે બાબતે મારો પ્રત્યુતર આ મુજબ છે.: (૧) ભારતમાં બંધારણ સર્વોપરી છે, નહીં કે સંસદ, અને રાજ્યવ્યવસ્થાના ત્રણ અંગો (ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર) એ બંધારણ મુજબ કાર્ય કરવાનું હોય છે. (૨) દેશનું બંધારણ ચેક અને બેલેન્સની મજબૂત વ્યવસ્થા આપે છે જેમાં ન્યાયતંત્રનો પણ અહમ્ રોલ છે. કોઈ ચોક્કસ વર્ગનાં હિતમાં ન્યાયતંત્ર જો કોઈ વિવાદાસ્પદ કાનૂન હાથ પર લેતું હોય તો એમ કહેવું, 'તો પછી સંસદની શી જરૂર છે', મારી દૃષ્ટિએ ઉદ્દામવાદી વલણ છે. (૩) કોઈપણ વ્યવસ્થાની સફળતા કે નિષ્ફળતાનો આધાર તેના વાહકો પર હોય છે. એ સર્વવિદિત છે કે સાંપ્રત કાળમાં દેશની સંસદમાં કેવાં પ્રકારની જનપ્રતિનિધિઓ બેસે છે અને તેમની બંધારણ પ્રત્યેની વફાદારી કેવી કે સ્વતંત્ર વજૂદ કેટલું છે. (૪) એ સર્વવિદિત છે કે દેશની સંસદ કેટલી સુચારરુરૂપે ચાલે છે અને તેમાં રજૂ કરવામાં આવેલ બિલો પર કેટલી અને કેવા પ્રકારની ચર્ચા થાય છે. (૫) ચર્ચાપત્રીશ્રીનું એ વિધાન સરાસર ખોટું છે કે મેં વકફ કાનૂન પર કોઈ મંતવ્ય રજૂ કર્યું છે. (૬) લોકશાહીમાં દરેક નાગરિકને પોતાની સ્વતંત્ર વિચારસરણી ધરાવવાનો હક છે અને કોઈ રીતે મારી વિચારસરણી કોંગ્રેસની વિચારસરણી સાથે મેળ ખાતી હોય એનો મતલબ એવો નથી કે હું કોંગ્રેસી છું - જો કે કોંગ્રેસી હોવું પણ કોઈ ગુનો બનતો નથી. આ મુદ્દે હવે હું મારા તરફથી વાતનું સમાપન કરું છું.

**નવસારી - કમલેશ આર. મોદી**

### સલામતી વગરના પ્રવાસનો શો અર્થ?

પહેલગામમાં જે થયું, જે રીતે થયું એ અત્યંત દુઃખદ છે, આઘાતજનક છે. સરકાર કડક પગલાં લેવા મક્કમ છે. લેશે એની ખાતરી છે. છતાં મૃત્યુ પામેલા લોકોના સ્વજનોએ જે પ્રશ્ન કર્યો એ મહત્ત્વનો છે. જ્યાં રોજના બે હજાર ટુરિસ્ટ મુલાકાત લેતા હોય એ જગ્યા કે જેને અડીને ગાઢ જંગલો આવેલા છે તથા એ જગ્યા પર જવા માટે ટેકરી પાર કરવાની છે ત્યાં કોઈ જ સુરક્ષા વ્યવસ્થા નહોતી! આતંકવાદીઓ આરામથી ત્યાં રોકાઈ છવ્વીસ નિર્દોષ પ્રવાસીઓને ગોળીઓથી વીંધે એ ન સમજાય એવી વાત છે. આટલા નરસંહાર પછી પણ પોલીસ કે આર્મી તાત્કાલિક મદદે ન આવે એ સિક્યુરિટી વ્યવસ્થાની નિષ્ફળતા જ ગણાય. દુર્ઘટના પછી સરકાર ગમે તે પગલાં લે પણ નિર્દોષ નાગરિકોના પરિવારની જીવનભરની વેદનાનું શું? સરકાર પોતાની નિષ્ફળતા છુપાવે એ યોગ્ય નથી. જો સલામતીની કોઈ વ્યવસ્થા કરી શકતા ન હોય તો ટુરિઝમનો ડંકો વગાડવાનો શો અર્થ? ભૂતકાળમાં પણ કાશ્મીરમાં અનેક નિર્દોષોનું લોહી રેડાયું હતું. થોડો સમય ટુરિઝમ ઉદ્યોગને ફટકો પડયો પછી બધું ભુલાઈ ગયું. લોકોએ આવા સ્થળોએ પ્રવાસે જવાની ઘેલછા છોડી દેવી એ જ ઉપાય છે.

**સુરત - સુનીલ શાહ**

### કાશ્મીરના હુમલામાં એક અદની માનવતા

મંગળવારની સાંજ આખા ભારતમાં એક સરખી હતી. કોણ જાણે આ ખૂબ સરસ સ્થળ અમુક સમય માટે ચિચિયારીથી ભરાઈ ગયું. તેવા સમયમાં સાચો સાથી (કુરાન મુજબ સુરએ માએ દા એટલે એક જીવને મારી નાખવો આખા બ્રહ્માંડને મારી નાખવા જેવું છે. ) જે કુરાનમાં સાચી મન્નત ધરાવતા લોકો માનવતાનો દીવો પ્રગટાવે છે. બાકી નાગરિકોની બદનામી દરેક પર કરવી યોગ્ય નથી. 'સૈયદ આદિલ હુસેન શાહ' ખરેખર સાચો મુજાહિદ્દીન જેણે પોતાની જાનની પરવા કર્યા વગર આતંકવાદી સામે બાથભરી પહેલા તો આતંકવાદીને સમજાવ્યો કુરાનની આયતો પઢી, હદીસ પઢી કીધું કે આ લોકો નિર્દોષ છે. તેને મારવાની ઈસ્લામ સરિયત પરવાનગી નથી આપતું પણ આતંકવાદી ના માન્યો એણે ટૂરિસ્ટ સામે બંદૂક તાણી ત્યારે આદિલ હુસેન શાહે તે બંદૂક છીનવવાની કોશિશ કરી અને આતંકવાદીએ તેને ગોળી મારી હત્યા કરી. એક સાચી મહેમાન ગતિ કરતાં મુસ્લિમ બિરાદરનું અવસાન થયું. જે આખી દુ:ખદ ઘટનામાં અમર ભાગ બની આખા કટ્ટર મુસ્લિમ કે હિન્દુને એક સંદેશ આપતો ગયો છે. ભારત એક અખંડ દેશ છે. સમાજમાં માનવતા મરી નથી પરવારી પણ સિસ્ટમમાં માનવતા મરી પરવારી હોય તે બાબત કળથીયા પરિવારની વિધવા પાસેથી પણ જાણી શકાય છે.

**તાપી - હરીશ ચૌધરી**